eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 150
July 04, 2008

## આકારણી અને વસૂલાત વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનરશ્રીની અધ્યક્ષતા હેઠળ મળેલ આકારણી અને વસૂલાત વિભાગની કામગીરીની રીવ્યુ મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ, પ્રોપર્ટી ટેક્ષના તમામ કરદાતાઓને એરીયા બેઈઝડ આકારણીના કામે, મ્યુનિ. દફતરે નોંધાયેલ વિગતો દર્શાવતું રેકવી.ફોર્મ મોકલવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાયવેરા વિભાગની પ્રોફેશનલ ટેક્ષ ઝુંબેશ

ગુજરાત રાજય, વ્યવસાય,વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ હેઠળ ઈ.સી. વ્યવસાયકર્તા કરદાતાઓની રીન્યુઅલ તથા નવી નોંધણી સહિત વ્યવસાયવેરો ઉઘરાવવાનું સ્થાનિક સ્વરાજયની સંસ્થાને સુપ્રત કરવામાં આવેલ. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાને વેચાણવેરા ખાતા તરફથી ઈ.સી.કરદાતાઓની ૧,૩૩,૩૩૮ ફાઈલો તબદીલ કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાયવેરા વિભાગની પ્રોફેશનલ ટેક્ષ કરદાતાઓ જોગ અપીલ

(૧) ગુજરાત રાજય વ્યવસાય, વેપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ,૧૯૭૬ હેઠળ મહાનગરપાલિકાને ડેઝીગ્નેટેડ ઓથોરીટી જાહેર કરેલ છે ...
(૨) તદ્‌ઉપરાંત કેન્દ્ર સરકાર, રાજય સરકાર તથા તેઓ સંચાલિત જાહેર સાહસોનાં કર્મચારી, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાનાં કર્મચારી,પંચાયત કર્મચારી સિવાયના કર્મચારીઓનો કપાતો વ્યવસાયવેરો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત કરેલ કામગીરી

ભારત સરકારનાં આરોગ્ય મંત્રાલય દ્વારા દર વર્ષની જેમ જુન મહિનાને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવામાં આવી રહયો છે, તેમજ ગુજરાત સરકાર દ્વારા નિરોગી બાળ વર્ષ તરીકે સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ફાઈલેરીયા રોગ અટકાયતી કામગીરી માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મેલેરીયા વિરોધી માસ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીની વિગત

મેલેરીયા વિરોધી માસ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીની વિગત આ મુજબ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## વરસાદી પાણીના નિકાલની કામગીરી

સુરત શહેરમાં તા.૩૦–૦૬–૨૦૦૮ અને તા.૦૧–૦૭–૨૦૦૮નાં રોજ ભારેથી અતિભારે વરસાદ થયેલ. જે તૈકી તા.૩૦–૦૬–૨૦૦૮નાં રોજ સવારે ૬.૦૦ વાગ્યેથી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી ૮૫ એમ. એમ. વરસાદ થયેલ અને તા.૦૧–૦૭–૨૦૦૮ના રોજ સવારે ૬.૦૦ વાગ્યાથી બપોરે ૪.૦૦ વાગ્યા સુધીમાં ૭૦ એમ. એમ. જેટલો વરસાદ પડેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહકજન્ય રોગ નિયંત્રણ વભાગની મચ્છરજન્ય રોગોને અંકુશ હેઠળ રાખવાની કાર્યવાહી

૨૭ ગ્રામ પંચાયત અને ૮ નગરપાલિકા વિસ્તારમાં તા.૨૯–૦૬–૨૦૦૮, રવિવારના રોજ કરવામાં આવેલ ઝુંબેશ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નાંદેડ વધાલા સીટી મ્યુ. કોર્પોરેશન (મહારાષ્ટ્ર)ની ટીમ સુરતની મુલાકાતે



નાંદેડ વધાલા સીટી મ્યુ. કોર્પોરેશન (મહારાષ્ટ્ર)ના સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી અબ્દુલ સત્તાર સાથે સભ્યશ્રીઓ તથા ડે. કમિશનરશ્રી અજય ચારથાનકર અને આસી. કમિશનરશ્રી વિલાસ ભોસીકર સહિતના અધિકારીશ્રીઓ તા.૦૧–૦૭–૨૦૦૮ તથા તા.૦૨–૦૭–૨૦૦૮ના સમયગાળા દરમ્યાન સુરત મહાનગરપાલિકાના સરથાણા વોટર વર્કસ, કરંજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા કોસાડ ખાતે ઈ.ડબલ્યુ. એસ.આવાસ યોજના, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન સીસ્ટમ, રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશન, આંજણાની મુલાકાત લીધી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## મ.ન.પા. ધ્વારા દબાણ દૂર કરવાની ઝૂંબેશ હાથ ધરવામાં આવી

સુરત મહાનગરપાલિકા ધ્વારા છેલ્લા ચાર માસ દરમ્યાન એટલે કે માર્ચ–૨૦૦૮ થી જુન–૨૦૦૮ દરમ્યાન તમામ ઝોનમાં જાહેર રસ્તા પર થતા લારી–ગલ્લાં, પાથરણાઓ તથા કેબીનોના દબાણ દૂર કરવાની કામગીરી ઝૂંબેશ રૂપે હાથ ધરી કુલ–૬૦૪૪ દબાણો દૂર કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## આકારણી અને વસૂલાત વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનરશ્રીની અધ્યક્ષતા હેઠળ મળેલ આકારણી અને વસૂલાત વિભાગની કામગીરીની રીવ્યુ મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ, પ્રોપર્ટી ટેક્ષના તમામ કરદાતાઓને એરીયા બેઈઝડ આકારણીના કામે, મ્યુનિ. દફતરે નોધાયેલ વિગતો દર્શાવતું રેકવી.ફોર્મ મોકલવામાં આવેલ છે. જેમાં દર્શાવેલ વિગતોમાં જો કોઈ ક્ષતિ જણાય તો તેને બદલે સાચી માહિતી દર્શાવવા જરૂરી પુરાવાઓ સહિત રેકવી.ફોર્મ ભરીને પરત મોકલવા તમામ કરદાતાઓને અનુરોધ કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં જે જે કરદાતાઓએ રેકવી.ફોર્મ ભરીને પરત કરેલ છે. તેમાં ખાસ કરીને બાંધકામનો પ્રકાર (આર.સી.સી./નોન આર.સી.સી.) તથા બાંધકામના વર્ષમાં અને મિલ્કતના ક્ષેત્રફળના માપમાં ભૂલો થઈ હોવાનું ધ્યાને આવેલ છે. તેવી ભૂલોને દુરસ્ત કરવાની કામગીરી હાલમાં ચાલુ છે. જેથી દરેક કરદાતાઓને ફરી વિનંતી કરવામાં આવે છે કે, સુરત મહાનગરપાલિકા દ્વારા મોકલવામાં આવેલ રેકવી.ફોર્મમાં દર્શાવેલ માહિતી કાળજી પુર્વક વાંચવી, અને જો તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેમાં જરૂરી સુધારો કરવા જે તે ઝોન કચેરીમાં તા.૩૦/૦૬/૨૦૦૮ સુધીમાં રેકવી. ફોર્મ ભરીને પરત ફરી અનુરોધ કરવામાં આવે છે.

વધુમાં ગુજરાત રાજય, વ્યાપાર,વ્યવસાય,ધંધા અને રોજગાર વેરા અધિનિયમ –૧૯૭૬ હેઠળ વ્યવસાયવેરા વસૂલાતની કામગીરી, સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તાર પૂરતી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવી હોવાથી આકારણી અને વસુલાત અધિકારીએ હવેથી વ્યવસાયવેરા વસૂલાતની કામગીરી પણ કરવાની રહેશે, અને તેવી કામગીરીનો રીવ્યુ પણ સામાયિક ધોરણે કમિશનરશ્રી દ્વારા કરવામાં આવનાર છે, જેથી વેરા વસુલાત સંદર્ભે હાથ ધરવામાં આવનાર શિક્ષાત્મક કાર્યવાહી અને દંડનીય રકમની વસુલાત વિગેરે પગલાથી બચવા સુરત શહેરનાં વ્યવસાયવેરાના કરદાતાઓએ પણ વ્યવસાયવેરો સમયસર સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કરવા અનુરોધ છે.

TOP

## વ્યવસાયવેરા વિભાગની પ્રોફેશનલ ટેક્ષ ઝુંબેશ

ગુજરાત રાજ્ય, વ્યવસાય,વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ હેઠળ ઈ.સી. વ્યવસાયકર્તા કરદાતાઓની રીન્યુઅલ તથા નવી નોંધણી સહિત વ્યવસાયવેરો ઉઘરાવવાનું સ્થાનિક સ્વરાજયની સંસ્થાને સુપ્રત કરવામાં આવેલ. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાને વેચાણવેરા ખાતા તરફથી ઈ.સી.કરદાતાઓની ૧,૩૩,૩૩૮ ફાઈલો તબદીલ કરવામાં આવેલ. વિવિધ ઝોન તથા ખાતાના સ્ટાફ ધ્વારા તા.૩૧–૦૩–૨૦૦૮ સુધી ૭૬,૫૦૭ નવા ઈ.સી.કરદાતાઓની નોંધણી કરી તા.૩૧–૦૩–૨૦૦૮ સુધી કુલ બાર કરોડ જેટલો પ્રોફેશનલ ટેક્ષ ઈ.સી.કરદાતાઓ પાસેથી વસુલ કરવામાં આવેલ.

ઈ.સી.કરદાતાઓએ સદર કાયદાની જોગવાઈ અનુસાર જે સંસ્થાની નોંધણીને પાત્ર હોય તેમણે નિયત સમયમાં નોંધણી કરાવી એનરોલમેન્ટ નંબર મેળવવાનો રહે છે. જે મુજબ દર વર્ષે નિયત દર મુજબ તા.૩૦ મી સપ્ટેમ્બર સુધીમાં વ્યવસાયવેરો ભરપાઈ કરવાનો રહે છે. જે જુની સંસ્થાઓ વેચાણવેરા ખાતા કે મહાનગરપાલિકાના દફતરે નોંધાયેલ છે તેમણે દર વર્ષે રીન્યુઅલ કરી વ્યવસાયવેરો ચુકવવાનો રહે છે. નિયત મુદતમાં વ્યવસાયવેરો જમા ન કરાવે તો પેનલ્ટી તથા વ્યાજ સહિત વ્યવસાયવેરાની ચુકવણી કરવાની રહે છે.

તાજેતરમાં રાજય સરકારશ્રીએ સદર કાયદામાં સુધારો કરી સુરત મહાનગરપાલિકાને તેના વિસ્તારના કાર્યરત ઈ.સી. વ્યવસાયકર્તા ઉપરાંત કેન્દ્ર, રાજય તથા તેઓ સંચાલિત જાહેર સાહસો, પંચાયત અને ગ્રાન્ટ ઈન એઈડ સિવાયની સંસ્થાઓના કર્મચારીઓના પગારમાંથી કાપવામાં આવતો વ્યવસાયવેરો કામે રાખનાર એટલે કે એમ્પલોયર પાસેથી મહાનગરપાલિકાને સીધેસીધો વસુલ કરવા માટે ડેઝીગ્નેટેડ ઓથોરીટી તરીકે જાહેર કરી સત્તા આપેલ છે. જે અંતર્ગત વ્યવસાયવેરાની વસુલાત માટે સુરત મહાનગરપાલિકાએ નીચે જણાવેલા નાગરિક સુવિધા કેન્દ્રોને કલેકશન સેન્ટર તરીકે જાહેર કરેલ છે.

| અ.નં. | ઝોનનું નામ | સીટી સીવીક સેન્ટરનું સરનામું |
|---|---|---|
| (૧) | ઈસ્ટ ઝોન (વરાછા) | ઝોનની કચેરી, ભાતની વાડી, સરદાર ચોક નજીક, વરાછા રોડ,સુરત. |
| (૨) | વેસ્ટ ઝોન (રાંદેર) | નાગરિક સુવિધા કેન્દ્ર, મહાન ટેરેસની સામે, અડાજણ રોડ,સુરત. |
| (૩) | નોર્થ ઝોન (કતારગામ) | ઝોનની કચેરી, મ્યુનિસિપલ શોપીંગ સેન્ટર, ગોતાલાવાડી,સુરત. |
| (૪) | સાઉથ ઝોન (ઉધના) | ઝોનની કચેરી, ઉધના મેઈન રોડ, સત્યનગર સામે, ઉધના,સુરત. |
| (૫) | સેન્ટ્રલ ઝોન (મુગલીસરા) | એસ.એમ.સી.મેઈન ઓફિસ,ન્યુ એનેક્ષી બિંલ્ડીંગ, મુગલીસરા, મેઈનરોડ, સુરત. |
| (૬) | સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) | ઝોનની કચેરી, મ્યુનિસિપલ શોપીંગ સેન્ટર, આર્દશ નગર સોસાયટીની સામે, અઠવા લાઈન્સ, સુરત. |
| (૭) | સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) | ઝોનની કચેરી, મોડલ ટાઉનશીપ રોડ, વાટિકા ટાઉનશીપની પાછળ, લીંબાયત, સુરત. |

વેચાણવેરા ખાતા તરફથી કામે રાખનાર આર.સી.કરદાતાઓની જે ફાઈલ તબદીલ કરવામાં આવેલ છે તેની ઝોનવાઈઝ કરદાતાઓની સંખ્યા અને તા.૨૫–૦૬–૨૦૦૮ સુધીમાં મહાનગરપાલિકાના નાગરિક સુવિધા કેન્દ્રોમાં વસુલ થયેલ વ્યવસાયવેરાની માહિતી નીચે મુજબ છે.

| અ. નં. | ઝોનનું નામ | નોંધાયેલ કુલ કરદાતાની સંખ્યા | તા.૧–૪–૦૮ થી તા.૨૫–૬–૦૮ સુધીમાં વસુલ થયેલ વ્યવસાયવેરાની વિગત | |
|---|---|---|---|---|
| | | | કરદાતાની સંખ્યા | વસુલ થયેલ રકમ રૂા. |
| ૧ | વેસ્ટ ઝોન (રાંદેર) | ૨૪૨ | ૯૦ | ૪,૦૪૩૯૮/– |
| ૨ | સેન્ટ્રલ ઝોન | ૧૨૩૭ | ૪૭૨ | ૬૩૧૩૨૦૦/– |
| ૩ | નોર્થ ઝોન (કતારગામ) | ૩૦૦ | ૨૬૦ | ૩૦,૮૪,૦૮૫/– |
| ૪ | ઈસ્ટ ઝોન (વરાછા) | ૬૯૮ | ૧૧૨ | ૧૭,૮૦,૫૧૬/– |
| ૫ | સાઉથ ઝોન (ઉધના) | ૫૮૭ | ૧૬૪ | ૧૬,૮૫,૨૭૦/– |
| ૬ | સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) | ૩૪૦ | ૧૪૫ | ૬,૭૨,૩૯૦/– |
| ૭ | સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) | ૩૨૯ | ૪૦ | ૧,૯૭,૯૩૦/– |
| | **કુલ.....** | **૩૭૩૪** | **૧૨૮૩** | **૧,૪૧,૩૭,૭૮૯/–** |

તા.૦૧–૦૪–૨૦૦૮ થી તા.૨૫–૦૬–૨૦૦૮ દરમ્યાન ૨,૦૯,૦૨૩ ઈ.સી. કરદાતાઓ પૈકી ૪૧૨૭ કરદાતાઓ પાસેથી રૂા.૬૪,૦૫,૪૨૨/– અને નોંધાયેલા ૩૭૨૪ આર.સી. કરદાતાઓ પૈકી ૧૨૮૩ કરદાતાઓ પાસેથી રૂા.૧,૪૧,૩૭,૭૮૯/– નો પ્રોફેશનલ ટેક્ષ મળી કુલ રૂા.૨,૦૫,૪૩,૨૧૧/– નો પ્રોફેશનલ ટેક્ષ વસુલ કરેલ છે.

જે કરદાતાઓએ હજુ સુધી મહાનગરપાલિકામાં વ્યવસાયવેરાની રકમ ભરપાઈ કરેલ નથી તે કરદાતાઓના ધંધાની સ્થળ તપાસ માટે મહાનગરપાલિકાના સંબંધિત સ્ટાફને ડોર ટુ ડોર ચેકીંગ કરી વસુલાતની કાર્યવાહી માટે સંબંધિત અધિકારી / કર્મચારીઓ સાથે મીટીંગનું આયોજન કરી ઘટિત કાર્યવાહી કરવા સુચના આપેલ છે.

સદર કાયદાનો ભંગ કરવા બદલ કસુરદાર કરદાતાઓ સામે નીચે મુજબની શિક્ષાઓ / પગલાઓ લેવાની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

**૭(૧)** જો નોકરીએ રાખનાર આવી રીતે પગારમાંથી કાપીને વેરો ન ભરે તો ડેઝીગ્નેટેડ ઓથીરીટીને આવી બાકી લેણી રકમને લેન્ડ રેવન્યુ કોડ હેઠળ કસુરદાર એમ્પલોયર પાસેથી વસુલ કરવાની સત્તા છે. આવી ઓથોરીટી કામે રાખનારનું બેંક ખાતુ ટાંચમાં લઈ શકશે તેમજ કાયદાની જોગવાઈ હેઠળ પ્રોસીકયુશન (પોલીસ કેસ) કરી શકશે.

**૭(૨)** જો વ્યવસાયકર્તા ભરવાજોગ વ્યવસાયવેરો ન ભરે તો ડેઝીગ્નેટેડ ઓથોરીટી આવા બાકીદારની મિલ્કત વેચીને, બેંક ખાતાઓ પર ટાંચ મુકીને, પોલીસ કેસ કરીને પણ વેરો, દંડ અને વ્યાજની વસુલાત કરી શકશે.

સંબંધિત કરદાતાઓએ વ્યવસાયવેરાની રકમ મહાનગરપાલિકામાં સીધેસીધી જમા કરાવવાની રહે છે. જે કરદાતાઓએ હજુ સુધી વ્યવસાયવેરાની રકમ જમા કરાવેલ ન હોય કે સદર કાયદાની જોગવાઈઓ હેઠળ નોંધણી કરાવેલ ન હોય તો તેમણે તાકીદે લાગત ઝોન ઓફિસના ગુમાસ્તાધારા વિભાગ, આકારણી અને વસુલાત અધિકારીશ્રીનો અથવા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી કાર્યરત પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલનો સંપર્ક કરવા તાકીદ કરવામાં આવેલ છે, અન્યથા મહાનગરપાલિકા સદર કાયદાની જોગવાઈઓ હેઠળ કસુરદારો સામે આકરા પગલા લેશે. એવું સુરત મહાનગરપાલિકાની એક યાદીમાં જણાવેલ છે.

TOP

## વ્યવસાયવેરા વિભાગની પ્રોફેશનલ ટેક્ષ કરદાતાઓ જોગ અપીલ

(૧) ગુજરાત રાજય વ્યવસાય, વેપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ,૧૯૭૬ હેઠળ મહાનગરપાલિકાને ડેઝીગ્નેટેડ ઓથોરીટી જાહેર કરેલ છે તથા તેના દરમાં તા.૧–૪–૨૦૦૮ થી રાજય સરકારશ્રીએ નીચે મુજબ સુધારો કરેલ છે તથા આ રકમ મહાનગરપાલિકામાં સીધેસીધી જમા કરાવવાની રહે છે.

| શિડયુલની એન્ટ્રી નંબર | તા.૧/૪/૨૦૦૮ થી સુધારેલ દર (વાર્ષિક) |
|---|---|
| ૨ થી ૬ તથા ૮ થી ૧૦માં સમાવિષ્ટ થતાં તમામ કરદાતાઓનાં સમૂહ માટે | રૂા.૨૦૦૦/– |

| અ.નં. | શિડયુલની એન્ટ્રી નંબર ૭ | તા.૧/૪/૨૦૦૮ થી સુધારેલ દર (વાર્ષિક) |
|---|---|---|
| | તમામ ખરીદી તથા તમામ વેચાણનું વાર્ષિક ટર્ન ઓવર | |
| (૧) | રૂા.૨,૫૦,૦૦૦/– કરતા વધુ ન હોય તો | કંઈ જ નહિ |
| (૨) | રૂા.૨,૫૦,૦૦૦/– કરતા વધુ પણ રૂા.૫,૦૦,૦૦૦ કરતાં વધુ ન હોય તો | રૂા.૫૦૦/– |
| (૩) | રૂા.૫,૦૦,૦૦૦ કરતાં વધુ પણ રૂા.૧૦,૦૦,૦૦૦/– કરતાં વધુ ન હોય તો | રૂા.૧,૨૫૦/– |
| (૪) | રૂા.૧૦,૦૦,૦૦૦/– કરતાં વધુ હોય તો | રૂા.૨,૪૦૦/– |

(૨) તદ્ઉપરાંત કેન્દ્ર સરકાર, રાજય સરકાર તથા તેઓ સંચાલિત જાહેર સાહસોનાં કર્મચારી, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાનાં કર્મચારી,પંચાયત કર્મચારી સિવાયના કર્મચારીઓનો કપાતો વ્યવસાયવેરો કામે રાખનાર આર.સી. કરદાતાએ તા.૧/૪/૨૦૦૮ પછીનો ભરવાપાત્ર વ્યવસાય વેરો નીચે મુજબ સુધારેલ દરે મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાનો રહે છે.

| પગાર પ્રમાણે વેરાના દર અલગ–અલગ છે જે નીચે મુજબ છે. | | |
|---|---|---|
| ક્રમ | સ્લેબ(માસિક) | વેરાનો દર (માસિક) |
| (૧) | માસિક રૂા.૩૦૦૦/–થી ઓછો પગાર | શૂન્ય |
| (૨) | રૂા.૩૦૦૦/– થી રૂા.૫૯૯૯/– | રૂા. ૨૦/– |
| (૩) | રૂા.૬૦૦૦/– થી રૂા.૮૯૯૯/– | રૂા. ૮૦/– |
| (૪) | રૂા.૯૦૦૦/– થી રૂા.૧૧૯૯૯/– | રૂા.૧૫૦/– |
| (૫) | રૂા.૧૨૦૦૦/– થી વધુ | રૂા.૨૦૦/– |

સંબંધિત કામે રાખનારાઓએ ઉપર જણાવેલ દર મુજબ વેતનદારો પાસેથી દર માસે વ્યવસાય વેરાની કપાત કરી સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવાનો રહે છે. જો તેમ કરવામાં કસૂર થશે તો તે અંગેની સંપુર્ણ જવાબદારી સંબંધિતોની રહેશે, જેની ખાસ નોંધ લેવી. વધુમાં વ્યવસાય વેરા અંગે જાણકારી મેળવવા તથા તેને લગતી તમામ કામગીરી માટે મહાનગરપાલિકાનાં જે તે ઝોનનાં એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરો / દુકાનધારા નિરીક્ષકોનો સંપર્ક કરવો.

TOP

## ''મેલેરીયા વિરોધી માસ'' અંતર્ગત કરેલ કામગીરી

ભારત સરકારનાં આરોગ્ય મંત્રાલય દ્વારા દર વર્ષની જેમ જુન મહિનાને ''મેલેરીયા વિરોધી માસ'' તરીકે ઉજવવામાં આવી રહયો છે, તેમજ ગુજરાત સરકાર દ્વારા નિરોગી બાળ વર્ષ તરીકે સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરીયા, ડેંગ્યુ, ફાઈલેરીયા રોગ અટકાયતી કામગીરી માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે, જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક બ્રિડીંગ તપાસવાનું અને મળેલ બ્રિડિંગનો નાશ કરવો, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણી ભરેલા કન્ટેઈનર કે જેમાં બ્રિડિંગ થવાની સંભાવના હોય તેને જપ્ત કરવાની કામગીરી કરવામાં આવે છે.

મેલેરીયા વિરોધી માસ દરમ્યાન લોકોમાં જનજાગૃતિ આવે અને મચ્છર જન્ય રોગો નિયંત્રણમાં રહે તે માટે માનનીય મેયરશ્રીના હસ્તે કતારગામ ઝોનથી વિશાલ રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. આરોગ્ય શિક્ષણની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવેલ છે. વધુ લોકોની અવર જવર હોય તેવા ચાર વિસ્તારોમાં મેલેરીયાની માહિતી દર્શાવતા ચાર હોર્ડિંગ બનાવવામાં આવેલ છે.પચાસ દિવાલ ચિત્રો બનાવવમાં આવેલ છે. શહેરના જુદા જેદા વિસ્તારોમાં ૧૫૦ બેનર લગાવવામાં આવેલ છે. સોસાયટી, કોમ્પલેક્ષના પ્રમુખને મચ્છર જન્ય રોગોને નિયંત્રણ હેથળ રાખવા માટે ૫૦,૦૦૦ પત્ર લોક ભાગીદારી માટે લખવામાં આવેલ છે. ૬,૦૦,૦૦૦ હેન્ડબીલનું વિતરણ કરવામાં આવેલ છે. શહેરના જુદા જુદા વિસ્તારમાં કઠપુતળીના ૩૫ શો, ૨૧ ભવાઈના કાર્યક્રમ અને ૧૪ શેરી નાટકોનું આયોજન કરવામાં આવેલ છે. ઝોનની ખાનગી અને નગર પ્રાથમિક શાળાઓમાં બાળકોને મચ્છર જન્ય રોગો વિષે જાણકારી આપતા કેમ્પોનું આયોજન કરવાનું હાથ ધરવામાં આવેલ છે, તથા શાળાઓમાં મેલેરીયા અંગેની ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૧–૦૬–૨૦૦૮થી તા.૨૫–૦૬–૨૦૦૮ દરમ્યાન ખાતા ધ્વારા કરવામાં આવેલ કામગીરીમાં ઘરે ઘરે સર્વે કરી કુલ ૬૦,૮૩૧ જેટલી વ્યકિતઓનાં લોહીનાં નમુનાઓ લેવામાં આવેલ છે. ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૮,૨૦,૭૪૨ ઘરો તપાસતા તેમાંથી કુલ ૪,૮૪૪ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૧૭૫૫, એડીસ ૨૬૩૦, કયુલેકસ ૧૧૨, અને મીશ્ર ૩૪૭ બ્રિડીંગ મળેલ. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો તેલ / કેરોસીન નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટીક(એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૪૫૪૭ જેટલાં શહેરના જુદા જુદા વિસ્તારમાંથી બાંધકામ તપાસવામાં આવેલ તેમાંથી ૩૦૩૩ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૬૮૪, એડીસ ૧૮૨, કયુલેકસ ૧૫૩૭ અને મીશ્ર ૬૩૦ બ્રિડીંગ મળેલ. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. સોર્સ રીડકશન તરીકે તમામ ઝોનમાંથી મચ્છરના ઉત્પત્તિ સ્થાનોને નાબૂદ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. એડીસ મચ્છરોનું ઉદ્‌ભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો જેવા કે ટાયર, નકામા ડબ્બા, કેરબામાં વધારે જોવા મળતું હોય, વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા કુલ ૬૭૯૧ ટાયરો, ૪૯૫ કેરબા,૧૬૭ ડ્રમ, ૧૫૮૬ માટલા, ૪૯૪ પ્લાસ્ટીક ડબ્બા,૬૯૭ માટીના વાસણો અને ૩૨૭૧ અન્ય કન્ટેઈનર મળી કુલ ૧૩,૫૦૧ કન્ટેઈનર ઉંચકી જપ્ત કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારી ધ્વારા મચ્છર જન્ય રોગો વિષે આરોગ્ય શિક્ષણ અને જરૂરી સુચના આપવામાં આવે છે. તેમ છતાં જે ઈસમોએ બ્રિડીંગ દૂર કરવામાં બેકાળજી દર્શાવેલ હોય, તેવા ઈસમો પાસે સેન્ટ્રલ ઝોને રૂા.૧૯૯૫૦, રાંદેર ઝોને રૂા.૫૬૪૦૦, ઉધનાઝોને રૂા.૪૧૫૫૦, લિંબાયત ઝોને રૂા.૨૦૧૦૦, અઠવા ઝોને રૂા.૩૪૫૫૦, કતારગામ ઝોને રૂા.૧૬૯૦૦ અને વરાછા ઝોને રૂા.૪૬૨૦૦ મળી કુલ રૂા. ૨,૩૫,૬૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે, તેમજ કુલ ૨૫૦૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે, જે પૈકી ૧૧૪ ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૮૨ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૦૭ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી. જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૧૧૯૦ સ્થળોએ બાયોલોજીકલ કંટ્રોલ તરીકે પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

આથી જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે આપના ઘરે જયારે મહાનગરપાલિકાનો કર્મચારી આવે ત્યારે તેને પૂરતો સાથ સહકાર આપવો અને આપેલ સુચનાનું અમલ કરવા માટે જાહેર અપીલ કરવામાં આવે છે.

TOP

## મેલેરીયા વિરોધી માસ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીની વિગત

મેલેરીયા વિરોધી માસ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીની વિગત આ મુજબ છે.

| ઝોન | લીધેલ લોહીના નમૂના | સર્વે કરવામાં આવેલ ઘરો | મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ | ખાનગી/ન.પ્રા.શાળાઓ/ આંગણવાડી / લાઈવ ડેમોન્સ્ટ્રેશનનાં કરેલ કાર્યક્રમ | ભાગ લીધેલ વિદ્યાર્થી/લોકોની સંખ્યા | શેરીનાટકો / કઠપૂતળી / ભવાઈના કાર્યક્રમ | બાંધકામ સર્વેની સંખ્યા | આપેલ નોટીસની સંખ્યા | વહીવટી ખર્ચની વસુલાત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૬૭૭૫ | ૫૮૭૯૧ | ૧૦૩૩ | ૩૬ | ૨૭૫૦ | ૨/૫/૩= ૧૦ | ૫૦૫ | ૩૭૫ | ૧૯,૯૫૦–૦૦ |
| વેસ્ટ | ૪૯૭૪ | ૧૧૮૧૧૬ | ૪૦૮ | ૩૨ | ૫૪૧૫ | ૨/૫/૩= ૧૦ | ૬૩૯ | ૨૪૮ | ૫૬,૪૦૦–૦૦ |
| સાઉથ | ૧૨૮૬૮ | ૧૬૧૨૦૩ | ૫૪૨ | ૨૩ | ૩૫૬૭ | ૨/૫/૩= ૧૦ | ૫૭૨ | ૪૮૫ | ૪૧,૫૫૦–૦૦ |
| સાઉથ–ઈસ્ટ | ૧૧૦૫૯ | ૯૯૯૯૫ | ૯૩૮ | ૪૩ | ૩૬૦૦ | ૨/૫/૩= ૧૦ | ૧૮૭ | ૩૯૪ | ૨૦,૧૦૦–૦૦ |
| સાઉથ–વેસ્ટ | ૪૪૪૪ | ૭૩૬૨૪ | ૫૨૭ | ૧૩ | ૧૨૪૫ | ૨/૫/૩= ૧૦ | ૭૫૬ | ૨૩૪ | ૩૪,૫૫૦–૦૦ |
| નોર્થ | ૭૦૫૪ | ૧૨૮૯૦૬ | ૬૯૯ | ૪૯ | ૩૨૦૦ | ૨/૫/૩= ૧૦ | ૮૮૪ | ૪૬૮ | ૧૬,૯૦૦–૦૦ |
| ઈસ્ટ | ૧૩૬૫૭ | ૧૮૦૧૦૭ | ૬૯૭ | ૩૫ | ૪૩૩૪ | ૨/૫/૩= ૧૦ | ૧૦૦૪ | ૨૯૬ | ૪૬,૨૦૦–૦૦ |
| કુલ | ૬૦૮૩૧ | ૮૨૦૭૪૨ | ૪૮૪૪ | ૨૩૧ | ૨૪૧૧૧ | ૧૪/૩૫/૨૧=૭૦ | ૪૫૪૭ | ૨૫૦૦ | ૨,૩૫,૬૫૦–૦૦ |

TOP

## વરસાદી પાણીના નિકાલની કામગીરી

સુરત શહેરમાં તા.૩૦–૦૬–૨૦૦૮ અને તા.૦૧–૦૭–૨૦૦૮નાં રોજ ભારેથી અતિભારે વરસાદ થયેલ. જે તૈકી તા.૩૦–૦૬–૨૦૦૮નાં રોજ સવારે ૬.૦૦ વાગ્યેથી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી ૮૫ એમ. એમ. વરસાદ થયેલ અને તા.૦૧–૦૭–૨૦૦૮ના રોજ સવારે ૬.૦૦ વાગ્યાથી બપોરે ૪.૦૦ વાગ્યા સુધીમાં ૭૦ એમ. એમ. જેટલો વરસાદ પડેલ છે. સુરત જીલ્લાના અન્ય તાલુકાઓમાં પણ તા.૦૧–૦૭–૨૦૦૮નાં રોજ લગભગ૧૫ થી ૨૫ એમ. એમ. વરસાદ બપોર સુધી પડેલ જેને લીધે ઉધના તથા લિંબાયત વિસ્તારની ખાડીઓનું વહન નોંધપાત્ર રહેલ છે. આ બંને દિવસો દરમ્યાન ભારે વરસાદમાં પણ સુરત શહેરના તમામ મુખ્ય માર્ગો ખુલ્લા રહેલ અને વાહનવ્યવહાર પણ અવિરતપણે ચાલુ રહેલ છે. રેલ્વે ગરનાળાઓ પૈકી સહારા દરવાજા અને લિંબાયત ડીંડોલી ગરનાળામાં પાણીનો ભરાવો થયેલ જે ટૂંક સમયમાં ઉતરી ગયેલ. આ સિવાય શહેરના અમૂક વિસ્તારોમાં લગભગ ૬ ઈંચ થી ૧.૫ ફુટ જેટલા પાણી નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થવા પામેલ જેનો ત્વરીત નિકાલ માટે મહાનગરપાલિકાના જે તે ઝોન વિસ્તારના ઝોનલ અધિકારી ધ્વારા સ્થળ ઉપર પહોંચીને પાણીના ભરાવાનો નિકાલ કરવા જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

તે પૈકી

- અઠવા ઝોનમાં પ્રગતિનગર, ગોકુલમ ડેરી રોડ, મહેશ્વરી સર્કલ (સીટી લાઈટ રોડ) ખાતે પાણીનો ભરાવો થયેલ જેનો નિકાલ કરવામાં આવેલ છે.
- રાંદેર ઝોનમાં ઉન પાટીયા હિદાયતનગર પાસે પાણીનો ભરાવો થયેલ જેનો જે.સી.બી. મારફત ગટર ખોદી નિકાલ કરવામાં આવેલ અને હરીનગર પાસે રસ્તા ઉપર ૬૦૦ મી.મી. વ્યાસની વરસાદી ગટરનો પાઈપ બેસી ગયેલ જેનો રાતોરાત કામગીરી કરાવી રસ્તો ચાલુ કરવામાં આવેલ છે.
- લિંબાયત ઝોનમાં ગોડાદરાથી ડીંડોલી રસ્તા ઉપર પ્રિયંકા ટાઉનશીપ પાસે પાણીનો ભરાવો થયેલ જેને માટે કાચી ગટર ખોદીને પાણીનો નિકાલ કરવામાં આવેલ છે.
- વરાછા ઝોનમાં પૂણાગામમાં નીચાણવાળા વિસ્તારમાં પાણીનો ભરાવો થયેલ છે જે ગતવર્ષની સરખામણીમાં પાણીનો નિકાલ ઝડપી થઈ જવા પામેલ છે.
- કતારગામ ઝોનમાં લલીતા ચોકડી તથા અમરોલી પ્રાથમિક શાળા પાસે વરસાદી પાણીનો ભરાવો થયેલ જેનો ઝડપથી નિકાલ કરવામાં આવેલ છે.
- આ સિવાય રસ્તાની સાઈડમાં વોટર ટેબલ ઉપર અલગ અલગ સ્થળોએ જે પાણીનો ભરાવો થયેલ જે વરસાદ ધીમો પડવાથી વરસાદી ગટરમાંથી નિકાલ થઈ ગયેલ છે.
- ચોમાસા દરમ્યાન નીચાણવાળા વિસ્તારમાં પાણીના ભરાવાનો સ્પોટને આઈડેન્ટીફાઈ કરી તેની નોંધ કરવામાં આવેલ છે અને તે અંગે મહાનગરપાલિકા ધ્વારા ઘટીત આયોજન કરી કામગીરી કરવામાં આવશે.

સુરત શહેરમાં છેલ્લા બે દિવસથી સતત વરસતા મુશળધાર વરસાદમાં પણ શહેરના તમામ રસ્તાઓ ખુલ્લા રહયા અને જાહેર જનતાને અગવડ કે અડચણ ઉભી થાય તે રીતે કોઈ જગ્યાએ પાણીનો ભરાવો થયેલ નથી.

સુરત મહાનગરપાલિકા ધ્વારા ગત ચોમાસામાં વરસાદી પાણીના થયેલ અસહય ભરાવાને ધ્યાને લઈ આવા વિસ્તારોનું સ્થળ નિરીક્ષણ કીરને / સ્પોટ આઈડેન્ટીફાઈ કરી આ વિસ્તારોમાં વરસાદી પાણી ન ભરાય તે માટે ચાલુ વર્ષે વરસાદી ગટરનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત અઠવા ઝોનમાં ગૌરવપથ ઉપર મલ્હાર કોમ્પલેક્ષથી ઉમરા ખાડી સુધી, વેસુ–સારશ્વતનગર, રાંદેર ઝોનમાં રંગીલા સર્કલથી તાપી નદી સુધી ઉધના ઝોનમાં સુરત નવસારી રોડ ઉપર નવીન ફલોરીન પાસે તથા ભેસ્તાન ચાર રસ્તા પાસે અને વરાછા ઝોનમાં વલ્લભાચાર્ય રોડ ઉપર મુખ્ય વરસાદી ગટરો ચોમાસા પહેલા તૈયાર કરી દેવામાં આવેલ. જયારે અન્ય નીચાણવાળા સ્થળોએ પ્રિ–મોન્સુન કામગીરીના ભાગરૂપે ઈન્લેટ ચેમ્બર્સ /જાળીઓની સંખ્યા વધારી તમામ વરસાદી ગટરોની ધનિષ્ઠ સફાઈ કરવામાં આવેલ તેમજ જયાં તાકીદે વરસાદી ગટર બનાવી શકાય તેમ ન હોય તેવા વિસ્તારોમાં, ખાસ કરીને સમાવિષ્ટ વિસ્તારોમાં, કાચી ગટર ખોદીને વરસાદી પાણીના અસરકારક અને ત્વરિત નિકાલની વ્યવસ્થા કરવામાં આવેલ. જેને કારણે મોટાભાગના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો થવા પામેલ નથી.ચાલુ વર્ષે ગૌરવ પથ, સારસ્વતનગર, ઉધના મગદલ્લા રોડ, અડાજણ રંગીલા સર્કલ, વરાછા વલ્લાચાર્યરોડ, સુરત નવસારી રોડ તથા સેન્ટ્રલ ઝોનના નવસારી બજાર મેઈન રોડ, ઉપર વરસાદી પાણીનો ભરાવો થયેલ નથી.

TOP

## વાહકજન્ય રોગ નિયંત્રણ વભાગની  મચ્છરજન્ય રોગોને અંકુશ હેઠળ રાખવાની કાર્યવાહી

૨૭ ગ્રામ પંચાયત અને ૮ નગરપાલિકા વિસ્તારમાં તા.૨૯–૦૬–૨૦૦૮, રવિવારના રોજ કરવામાં આવેલ ઝુંબેશ.

સુરત શહેરમાં ૨૭ ગ્રામપંચાયતો અને ૮ નગરપાલિકાઓનો સમાવેશ કરવામાં આવેલ છે, તે સંદર્ભે વાહકજન્ય રોગ નિયંત્રણ વભાગ તરફથી જરૂરી મેનપાવર મુકીને મચ્છરજન્ય રોગોને અંકુશ હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. મે. કમિશનરશ્રીનાં માર્ગદર્શન હેઠળ અને ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસિપટલ)ની સુચના અનુસાર તા.૨૯–૦૬–૨૦૦૮ને રવિવારનાં રોજ માસ કેમ્પેઈન તરીકે તમામ ઝોન મળીને ૨૧૧ પ્રાયમરી હેલ્થ વર્કરો, ૧૯૪ બેલદારો, ૨૪૮ રોજીંદા બેલદારો, ૩૧ એસ. એસ. આઈ., ૯ એસ.આઈ. મળી કુલ ૬૯૩ કર્મચારીઓ અને અધિકારીઓ ધ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. મેલેરીયા વિરોધી માસ દરમ્યાન લોકોમાં જનજાગૃતિ આવે અને મચ્છરજન્ય રોગો નિયંત્રણમાં રહે તે માટે વધુ લોકોની અવરજવર હોય તેવા વિસ્તારોમાં મેલેરીયાની માહિતી દર્શાવતા આરોગ્ય શિક્ષણની વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવેલ.

તા.૨૯–૦૬–૨૦૦૮ના રોજ ખાતા ધ્વારા કરવામાં આવેલ કામગીરીમાં ઘરે ઘરે સર્વે કરી કુલ ૨૮૩૩ જેટલી વ્યકિતઓનાં લોહીનાં નમુનાઓ લેવામાં આવેલ છે. ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૩૬,૨૬૮ ઘરો તપાસતા તેમાંથી કુલ ૫૪૬ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૨૬૬, એડીસ ૨૩૧, કયુલેકસ ૯ અને મીશ્ર ૪૦ બ્રિડીંગ મળેલ. સર્વે દરમ્યાન શહેરના જુદા જુદા વિસ્તારમાંથી કુલ ૧૨૬ જેટલાં બાંધકામ તપાસવામાં આવેલ તેમાંથી ૧૧૩ બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૩૩, એડીસ ૭, કયુલેકસ ૪૪ અને મિશ્ર ૨૯ બ્રિડીંગ  મળેલ. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. સોર્સ રીડકશન તરીકે તમામ ઝોનમાંથી મચ્છરના ઉત્પત્તિ સ્થાનોને નાબૂદ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.  એડીસ મચ્છરોનું ઉદભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો જેવા કે ટાયર, નકામા ડબ્બા, કેરબામાં વધારે જોવા મળતું હોય, વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કુલ ૧૯૪ ટાયરો, ૧૬ કેરબા, ૧ ડ્રમ, ૮૪ માટલા, ૨૦ પ્લાસ્ટીક ડબ્બા અને ૪૧ અન્ય કન્ટેઈનર મળી કુલ ૩૫૬ કન્ટેઈનર ઉચકી જપ્ત કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારી ધ્વરા મચ્છર જન્ય રોગો વિષે આરોગ્ય શિક્ષણ અને જરૂરી સુચના આપવામાં આવે છે. તેમ છતાં જે ઈસમોએ બ્રિડીંગ દૂર કરવામાં બેકાળજી દર્શાવેલ હોય, તેવા ઈસમો પાસે કુલ રૂા.૫૫,૨૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે, તેમજ કુલ ૧૬૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૯ હેન્ડીસેટ ફોગીંગ મશીનો ધ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૦૧ જી ૫ માઉન્ટેડ ફોગીંગ મશીનો ધ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

TOP

# નાંદેડ વધાલા સીટી મ્યુ. કોર્પોરેશન (મહારાષ્ટ્ર)ની ટીમ સુરતની મુલાકાતે



નાંદેડ વધાલા સીટી મ્યુ. કોર્પોરેશન (મહારાષ્ટ્ર)ના સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી અબ્દુલ સત્તાર સાથે સભ્યશ્રીઓ તથા ડે. કમિશનરશ્રી અજય ચારથાનકર અને આસી. કમિશનરશ્રી વિલાસ ભોસીકર સહિતના અધિકારીશ્રીઓ તા.૦૧–૦૭–૨૦૦૮ તથા તા.૦૨–૦૭–૨૦૦૮ના સમયગાળા દરમ્યાન સુરત મહાનગરપાલિકાના સરથાણા વોટર વર્કસ, કરંજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા કોસાડ ખાતે ઈ.ડબલ્યુ. એસ.આવાસ યોજના, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન સીસ્ટમ, રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશન, આંજણાની મુલાકાત લીધી હતી.

તા.૦૨–૦૭–૨૦૦૮નાં રોજ બપોરે ૧.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ જુના સ્થાયી સમિતિ રૂમમાં ડે.મેયરશ્રી તથા અધિકારીશ્રીઓ સાથે મીટીંગ યોજવામામાં આવી હતી. જેમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો સરથાણા વોટર વર્કસ, બાયો ગેસ પ્રોજેકટ, બાયો મેડીકલ વેસ્ટના નિકાલની વ્યવસ્થા, રાત્રી સફાઈ, સુરત સીટી બસ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, સાયન્સ સેન્ટર, રીફયુસ ટ્રાન્સફર સ્ટેશન, ઈન્ડોર સ્ટેડીયમ, બાગ–બગીચા, સ્મીમેર મેડીકલ કોલેજ, વિકાસની માહિતી તથા આકારણી, હિસાબી પધ્ધતિ તેમજ અન્ય માહિતી અંગે પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ. તેમજ સુરત શહેરના વિકાસ તેમજ નાગરિકોની સુખાકારી માટે લેવામાં આવેલ પગલા, પ્રોપર્ટી ટેક્ષ, સોલીડ વેસ્ટ પ્રોજેકટ, વગેરેની માહિતી આપી હતી.

નાંદેડ વધાલા સીટી મ્યુ. કોર્પોરેશન (મહારાષ્ટ્ર)ના સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓએ સુરતના વિકાસ તેમજ કામગીરીમાં ઉંડો રસ લઈ ચર્ચા વિચારણા કરી હતી. ડે.મેયર શ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈએ સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી અબ્દુલ સત્તારનું બુકે આપી સ્વાગત કરેલ.



નાંદેડ વધાલા સીટી મ્યુ. કોર્પોરેશન (મહારાષ્ટ્ર)ના સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી અબ્દુલ સત્તાર તથા તેઓની ટીમના સદસ્યશ્રીઓએ કોસાડ ખાતે ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજનાથી પ્રભાવિત થયા હતા. તેમણે પોતાના વકતવ્યમાં સુરત મહાનગરપાલિકાના હરણફાળ વિકાસ તેમજ તેમને જોઈતી વિવિધ માહિતી પુરી પાડવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

અંતમાં ડે. કમિશનરશ્રી (સ્પે.) શ્રી પી. જે. ઝાલાએ આભારવિધિ કરી હતી.

TOP

## મ.ન.પા. ધ્વારા દબાણ દૂર કરવાની ઝૂંબેશ હાથ ધરવામાં આવી

સુરત મહાનગરપાલિકા ધ્વારા છેલ્લા ચાર માસ દરમ્યાન એટલે કે માર્ચ–૨૦૦૮ થી જુન–૨૦૦૮ દરમ્યાન તમામ ઝોનમાં જાહેર રસ્તા પર થતા લારી–ગલ્લાં, પાથરણાઓ તથા કેબીનોના દબાણ દૂર કરવાની કામગીરી ઝૂંબેશ રૂપે હાથ ધરી કુલ–૬૦૪૪ દબાણો દૂર કરવામાં આવેલ છે. જેમાં સેન્ટ્રલ ઝોનમાં ૬૪૫, લિંબાયત ઝોનમાં ૯૪૯, કતારગામ ઝોનમાં ૧૦૯૩, રાંદેર ઝોનમાં ૪૫૯, અઠવા ઝોનમાં સૌથી વધુ ૧૧૨૯, કતારગામ ઝોન ૮૫૩ તથા ઉધના ઝોનમાં ૯૧૬ જેટલા લારી–ગલ્લા વિગેરે જપ્ત કરવામાં આવેલ. આ દબાણ દૂર કરવાની કામગીરી મહ્દઅંશે '૦' દબાણ તરીકે જાહેર થયેલ રોડ ઉપર કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરીમાં પોલીસ વિભાગનો પણ સહકાર મેળવવામાં આવેલ. વધુમાં આવનાર દિવસોમાં આ પ્રકારે જાહેર રસ્તા પર થતાં લારી–ગલ્લાં, પાથરણાં તેમજ કેબીનોના દબાણ દૂર કરવાની કામગીરી ઘનિષ્ઠ રીતે ચાલુ રાખવામાં આવશે.

### સુરત શહેરના જાહેર રસ્તાઓ પરથી કરવામાં આવેલ દબાણો ની વિગતનું પત્રક

| અં. નં. | ઝોનનું નામ | દબાણ હેઠળ ઉઠાવવામાં આવેલ લારીઓની સંખ્યા | | | | ચાર માસમાં ઉઠાવવામાં આવેલ કુલ લારીની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | માર્ચ | એપ્રિલ | મે | જૂન | |
| 1. | સેન્ટ્રલ ઝોન | 208 | 178 | 87 | 172 | 645 |
| 2. | લિંબાયત ઝોન | 79 | 385 | 183 | 302 | 949 |
| 3. | વરાછા ઝોન | 243 | 218 | 237 | 395 | 1093 |
| 4. | રાંદેર ઝોન | 52 | 148 | 61 | 198 | 459 |
| 5. | અઠવા ઝોન | 189 | 531 | 281 | 128 | 1129 |
| 6. | કતારગામ ઝોન | - | 329 | 316 | 208 | 853 |
| 7. | ઉધના ઝોન | 86 | 358 | 334 | 138 | 916 |
| | **કુલ** | **857** | **2147** | **1499** | **1541** | **6044** |

TOP